અમદાવાદમાં રહેતા અને ફાંકડું હિન્દી બોલતા **ચાઈનીઝ યંગસ્ટર્સ** કહે છે કે,

# ઈન્ડિયા અને ચાઈનાની દોસ્તી બંને દેશોના હિતમાં છે

- અમદાવાદની આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયામાં અભ્યાસ કરવા માટે ચાઈનાથી ૧૧ સ્ટુડન્ટ્સ આવ્યા છે : ચાઈનીઝ પ્રેસિડેન્ટનું અહીં સ્વાગત કરવા માટે જે તૈયારીઓ થઈ છે એવી તો અમે ચીનમાં પણ નથી જોઈ !




ફોટો : હિતેશ રાઠોડ

**અમદાવાદ : ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૪**

ચીનના રાષ્ટ્રપતિને આવકારવા માટે અમદાવાદને દુલહનની જેમ શણગારવામાં આવ્યું છે. એક્સપર્ટ દ્વારા બન્ને દેશોના સંબંધોને લઈને ઘણી અપેક્ષાઓ વવામાં આવી રહી છે. ત્યારે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ)માં ચીનની હુનાન યુનિવર્સિટીમાંથી ૧૧ સ્ટુડન્ટ્સ ૯ મહિનાના સર્ટિફિકેટ ઈન એડવાન્સ બિઝનેસ ઈન હિન્દી કોર્સ માટે શહેરમાં આવ્યાં છે. અત્યારે તેઓ હિન્દી ભાષા શીખી રહ્યાં છે. ચાઈનીઝ સ્ટુડન્ટ્સ સ્થાનિક પ્રોફેસર્સ સાથે હિન્દીમાં વાત કરી શકે છે. પોતાના દેશના રાષ્ટ્રપતિની ભારત મુલાકાતને તેઓ હર્ષ સાથે વધાવી રહ્યાં છે અને એ પણ ઈચ્છા પ્રગટ કરી રહ્યાં છે કે બંને દેશોના સારા સંબંધો આવનારા સમયમાં યંગ જનરેશનને સારી તકો આપશે. ઈન્સ્ટિટ્યુટમાં તેઓને ભારતીય સંસ્કૃતિ, તહેવારો, સ્પોર્ટ્સની બાબતો, મોટા સેલેબ્રિટી, બોલિવૂડની ફિલ્મો વગેરેની માહિતી આપવામાં આવી રહી છે. ફેકલ્ટી ઓફિસર અવૈધ ઝાએ જણાવ્યું હતું કે, નવા મહિનામાં તેમણે ભારતના કલ્ચર અને ઉદ્યોગની દરેક બાબત શીખવાડવામાં આવશે. આ સ્ટુડન્ટ્સ ભારતમાં સેટલ થવા માટે પણ તૈયાર છે. તેમને અહીંના દોહા અને છંદ વગેરેમાં પણ રસ લે છે. તેમને આમિરખાનની ફિલ્મો ખૂબ જ ગમે છે.

**યંગ જનરેશનને લાભ થશે**

એશિયાઇ દેશોમાં ભારત અને ચીન મહત્વના દેશ છે. જો ભારત અને ચીન વચ્ચે મિત્રતા થાય તો તેનો ફાયદો યંગ જનરેશનને થશે કારણ કે ઉદ્યોગો વધતા નોકરીઓનું પણ પ્રમાણ વધશે. જેનો ફાયદો બંને દેશના યુથને થશે એવું મારૂં માનવું છે.



- Du Xiauqing (આસ્થા)

**મુલાકાતની અસર ભવિષ્ય પર થશે**

બંને દેશો વચ્ચે વિવિધ ક્ષેત્રમાં એકતા સ્થપાય તો તેનો લાભ બંનેને થશે. હું અત્યારે હિન્દી શીખી રહી છું. અમારે ત્યાં પણ હિન્દી શીખવવામાં આવે છે. બંને દેશો વચ્ચે ઊંડો સંબંધ છે પરંતુ હવે વર્ષો પછી તેના પર પગલાં લેવાઇ રહ્યાં છે. આ મુલાકાતની અસર ભવિષ્ય પર થશે.



- Liu Qing (મુસ્કાન)

**ચીનના લોકો અહીંની મુલાકાત લેશે**

જેમ ચીનમાં ગોંગઝાવ અને ગોંગડોનો વિકાસ થયો છે તેવો વિકાસ અમદાવાદનો થયો છે. અમદાવાદીઓ ખૂબ જ સપોર્ટીવ છે. અમે અડાલજની વાવ, જામા મસ્જિદ, કાંકરીયા જોયું છે. આવનારા સમયમાં ચીનથી વધારે લોકો ગુજરાતને જાણવા માટે આવશે.



- Zou jing (નિશા)

**આવી તૈયારી મેં સ્વદેશમાં પણ નથી જોઈ**

રવિવારે અમે ફરવા નિકળ્યાં ત્યારે તૈયારી જોઇને મને ગર્વ થયો કે મારા દેશના પ્રમુખ માટે આખા શહેરમાં તૈયારીઓ થતી હતી. મારા દેશમાં પણ મેં આવી તૈયારી જોઇ નથી. લોકોને આ મુલાકાતોથી ઘણી અપેક્ષા છે. હું ઇચ્છું છું કે બંને દેશોનો વિકાસ થાય.



- Deng Yingsu (ચંચલ)

**બંને દેશોને લાભ થશે**

આ મુલાકાતથી બંને દેશો વચ્ચે એક અલગ પ્રકારનો સંબંધ વિકસશે. જેનો ફાયદો યુથને થશે. ગુજરાતનો વિકાસ વિશે સૌ જાણે છે. જો બંને સરકારો વચ્ચે કરાર થશે તો નવા નવા ઉદ્યોગોની સ્થાપના થશે તેનો ફાયદો બંને દેશના લોકોને મળશે.



- Min Yun (રશ્મિ)

**ચાઇનીઝ સ્ટુડન્ટ્સના ગુજરાતી નામો**

**ચાઇનીઝ** સ્ટુડન્ટ્સ ભારતીય સંસ્કૃતિની સાથે અહીંના નામો પણ અપનાવી રહ્યાં છે. આ બાબતને ધ્યાનમાં રાખીને દરેક સ્ટુડન્ટ્સના ભારતીય નામ રાખવામાં આવ્યા છે. સ્ટુડન્ટ્સના ચંચલ, રશ્મિ, રાજેશ્વરી, મુસ્કાન, સંધ્યા, અજય, અંજલી, ઉન્નતિ, નિશા, આસ્થા, ઉત્તરા વગેરે નામો રાખવામાં આવ્યા છે. ફેકલ્ટી પણ આ નામો દ્વારા જ સ્ટુડન્ટ્સ દ્વારા કમ્યુનિકેશન કરે છે.